


# કેન્સરની ચિંતા સાથે લઈને ફરશો નહિ.

જો તમારા શરીરમાં તમને કંઈક ખોટું જણાતું હોય, તો તમારા જીપીના દવાખાનાનો સંપર્ક કરો. કેન્સરની શક્યતા દૂર કરવા માટે તમારા જીપી તમને ટેસ્ટ્સ કરાવવા મોકલી શકે. પરંતુ, પરિણામ ગમે તે આવે, તમારી NHS અહીં તમારા માટે હાજર છે.

Clear on cancer

Help us help you

502330_NHS_A5DoubleSidedLeaflet_BusStop_Gujarati AW.indd 1 26/01/2023 15:06

NHS

જો તમારા શરીરમાં તમને કશુંક ખોટું જણાતું હોય, અથવા તમને કોઈ બાબતે ચિંતા હોય તો તમારે તમારા જીપી સાથે વાત કરવી જોઈએ. આ કેન્સરની માત્ર અમુક જ નિશાનીઓ અને ચિહ્નો છે.

- ન સમજાય તેવું દર્દ જે ત્રણ અઠવાડિયાં કે તેથી લાંબું ચાલે
- પેટની તકલીફો, જેમ કે અસુખ લાગવું કે ઝાડા થવા, જે ત્રણ અઠવાડિયાં કે તેથી લાંબો સમય ચાલુ રહે
- ત્રણ અઠવાડિયાં કે તેથી વધારે લાંબા સમય સુધીની ઉધરસ
- તમારા પેશાબમાં લોહી પડવું, ભલે પછી તે એક જ વાર પડ્યું હોય
- ત્રણ અઠવાડિયાં કે તેથી વધુ સમયથી તમારા ઝાડામાં લોહી પડવું
- અસાધારણ, આછા રંગનો કે ચીકાશવાળો ઝાડો
- ન સમજાય તેવા કારણે વજન ઘટવું
- તમને વારેવારે છાતીમાં બળતરા કે અપચો થયા કરે
- તમને થાક લાગ્યા કરે અને બીમાર હોવા જેવું લાગે અને તેનું કારણ ખબર ન પડે
- અનઅપેક્ષિત કે ન સમજાય તેવો લોહી સ્ત્રાવ
- ન સમજાય તેવી ગાંઠ

કેન્સરનાં વધુ સંભવિત ચિહ્નો માટે જુઓ
**nhs.uk/cancersymptoms**

સંભવતઃ તે કશું ગંભીર નહિ હોય, પરંતુ કેન્સર વહેલું પકડી પાડવાથી તેની સારવાર કરવાનું વધારે શક્ય બને છે.

તમને જ્યાં સુધી ખબર ન પડે, ત્યાં સુધી તેની શક્યતા નકારી શકો નહિ.

# તમારા જીપીના દવાખાનાનો સંપર્ક કરો.

Clear on cancer

Help us help you